ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૨૫૬૮-૨૬૦૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૨/૦૭/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- વિદ્યાર્થી વિજ્ઞાન મંથન ૨૦૧૯-૨૦: ભારતની સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા બાબત.

સંદર્ભ:- COBSE, દિલ્હીનો પત્રક્રમાંક: COBSE/C3 ૬૩/૨૦૧૯/૯૦૫૧, તા.૧૭/૦૭/૨૦૧૯.

ઉપરોક્ત વિષય અન્વયે COBSEના સંદર્ભ દર્શિત પત્રથી જણાવેલ છે કે ભારત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, NCERT અને વિજ્ઞાન ભારતી(નોન પ્રોફિટ ઓર્ગેનાઈઝેશન)ના સંયુક્ત ઉપક્રમથી રાષ્ટ્રીય કક્ષાની પ્રતિભા શોધ પરીક્ષા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન(VVM) યોજવામાં આવનાર છે. VVM એ ભારતની સૌથી મોટી સાયન્સ ટેલેન્ટ સર્ચ છે. VVM એ વિજ્ઞાનમાં રસ ઉત્પન્ન કરવા, કલ્પના શક્તિ વિકસાવવા તેમજ વિદ્યાર્થીઓની ઉત્કૃષ્ટતાનું પાલન કરવા અંગે પ્લેટફોર્મ પૂરૂં પાડે છે.

વિદ્યાર્થી વિજ્ઞાન મંથન ૨૦૧૯-૨૦ એ ડિઝીટલ એપ્લિકેશન આધારિત છે. જે ઓનલાઈન લેવામાં આવશે. આ માટે વિદ્યાર્થીઓનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓએ પોતાના મોબાઈલ, ટેબ્લેટ, લેપટોપ અથવા શાળાના ડેસ્કટોપ કમ્પ્યુટર પરથી ઉક્ત પરીક્ષા આપવાની રહેશે. આ માટે એપલના ડિવાઈસનો ઉપયોગ થઇ શકશે નહિ.

આ સાથે COBSE નો તા.૧૭/૦૭/૨૦૧૯નો પત્ર, વિજ્ઞાન પ્રસારનો તા.૧૧/૦૭/૨૦૧૯નો પત્ર તેમજ વિદ્યાર્થી વિજ્ઞાન મંથન અંગેની માહિતી પુસ્તિકા સામેલ છે, જે જોઈ જવા વિનંતી છે. આ અંગે આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરશો.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ: ઉપર મુજબ

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

Scanned by CamScanner